અપીલ અરજી નં.૩૦૬ તા.૨૩–૧–૦૯

અરજદારઃ શ્રી સતિષચંદ્ર લલિતચંદ્ર દવે
સામાવાળાઃ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી સતિષચંદ્ર લલિતચંદ્ર દવેની તા.૮/૯–૯–૦૮ ની અરજીથી ટેના.નં.૧૭બી–૧૭–૨૦૦૧–૦–૦૦૧ વાળી મિલકતમાં આપના કાર્યાલયમાં કયા આધારથી નામ આવ્યું તેના આનુષાંગિક જરૂરી તમામ પુરાવાની નકલ આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૩–૧–'૦૯ ની અપીલ અરજી નં.૩૦૬/૨૦૦૮–૦૯

શ્રી સતિષચંદ્ર લલિતચંદ્ર દવેની તા.૨૩–૧૨–૦૮ નીઅરજીથી ટેના.નં.૧૭બી–૧૭–૨૦૦૧–૦–૦૦૧ વાળી મિલકતમાં આપના કાર્યાલયમાં કયા આધારથી નામ આવ્યું તેના આનુષાંગિક જરૂરી તમામ પુરાવાની નકલ આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનના પત્ર નં.આરટીઆઈ/આ.નં.૨૨૭ તા.૧૭–૧૨–૦૮ થી આપેલ જવાબ પ્રત્યે અસંતોષ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૩–૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,ફી ભર્યાનો આધાર કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૨૯ તા.૩૦–૧–૦૯થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક માહિતી મળેલ નથી.

અરજદારની તા.૮–૯–૦૮ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન કક્ષાએથી આરટીઆઈ/૨૨૭ તા.૧૭–૧૨–૦૮ થી અરજદારને દિન–૭૧ ના વિલબંથી અરજદારને પુરી પડાયેલ છે. જેમાં અરજદાર તરફથી ટેના.નં.૧૭બી–૧૭–૨૦૦૧–૦–૦૦૧ વાળી મિલ્કતમાં ચેતનકુમાર લલીતચંદ્ર દવે કયા આધારથી નામ દાખલ થયું અને તેના આનુષાંગિક જરૂરી પુરાવાની નકલની માંગણી કરેલ. અરજદારને સદર નામ સને ૧૯૯૬–૯૭ ના રીવીઝન સમયે સ્થળ તપાસના આધારે હોલ્ડર તરીકે લલીતચંદ્ર ધનસુખલાલ દવે– ચેતનકુમાર લલીતચંદ્ર દવે કરપાત્ર વ્યકિત તરીકે દાખલ છે તેવી માહિતી અરજદારને જાહેર માહિતી અધિકારી ધ્વારા પુરી પાડવામાં આવેલ છે. આમ અરજદારને મુળ અરજીમાં માંગેલી માહિતી પુરી પાડવામાં આવેલ છે. આ ઉપરાંત અરજદારે અપીલમાં અપીલ કરનારનું નામ દાખલ કરવા બાબતે કાર્યવાહીને લગતી રજુઆત મુળ અરજીથી અલાયદી કરેલ છે. અરજદારે એક અઠવાડીયાના વિલંબથી આરટીઆઈ હેઠળ અપીલ અરજી કરેલ છે. જેમાં તેમને માહિતી ન મળેલ હોય તેવી કોઈ રજુઆત કરેલ નથી પરંતુ ઈન્સ્પેકશનની માંગણી કરેલ છે. વિલંબિત અપીલ અંગે તા.૨૩–૧–૦૯ થી અરજીની ડીલે કોન્ડોર્ન અરજી આપી સમજણ ભુલથી હરકત અરજી એપેલેટ ઓફિસરને રાંદેરઝોનને કરેલ હોવાનું કારણ જણાવેલ છે. ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન ધ્વારા આપેલ માહિતીમાં અપીલ અધિકારીનું નામ અને મુદત જણાવેલ છે પરંતુ કચેરીની વિગત જણાવેલ નથી. અરજદારે મુળ અરજીથી આનુષાંગિક તપાસ પુરાવાની વિગતો નકલ સહિત માંગ્યાનું જણાય છે. પરંતુ અરજદારે અપીલ સાથે રજુ કરેલ તા.૨૭–૧૦–૦૮ થી વેસ્ટઝોન એસેસમેન્ટ એન્ડ રીકવરી ઓફિસરને કરેલ અરજીની નકલ સાથે આનુષાંગિક પુરાવા, વારસાઈ, જૂના અને નવા વેરાબીલની નકલો રજુ કરેલ નથી. જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારની માંગણી છતાં સ્થળ તપાસનો રીપોર્ટ તથા નામ તબદીલી અંગે કરેલ કાર્યવાહીના કાગળોની નકલો પુરી પાડેલ નથી.

## હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૮–૯–૦૮ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી નામ દાખલ કરવા કરેલ કાર્યવાહી સ્થળ તપાસ રીપોર્ટની નકલો તેમજ તબદીલી માટે મંજુરીના કાગળોની નહીં પુરી પડાયેલ નકલોની વિગતો આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પુરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવે છે.

મુળ અરજીથી અલાયદી અપીલના તબકકે માંગેલ માહિતી અપીલ કરનારનું નામ દાખલ કરવા અંગે તથા ઈન્સ્પેકશન અંગે અરજદાર કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

અરજદાર નામ દાખલ કરાવવા બાબતે સક્ષમ સત્તાધીશને અલાયદી રજુઆત કરવા માટે સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૨ –૦૯.

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી સતિષચંદ્ર લલિતચંદ્ર દવે